R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

FEBRUARY - 2018

Vol No. 61 Issue No.11

Total - 32 Pages

## આપણી સંસ્કૃતિમાં બ્રાહ્મણોનો મહિમા

મહાદેવજી કહે છે – દેવી ! પૃથ્વી પર જે બ્રાહ્મણ છે તે મારું પ્રત્યક્ષ સ્વરૂપ છે. સ્વર્ગના દેવતા તે પરોક્ષ છે, બ્રાહ્મણ જ પ્રત્યક્ષ દેવતા છે. બ્રાહ્મણ મને પ્રિય છે. જે ભક્તિભાવથી તેમની પૂજા કરે છે, તે સદા મારી જ પૂજા કરે છે. જે ભક્તિ દ્વારા તેમને સંતુષ્ટ કરે છે, તે મને સંતુષ્ટ કરી લે છે. જે બ્રાહ્મણ છે તે હું છું. તેમની સાથે જેમને વેર છે તે મારો પણ વેરી છે. પૃથ્વી પર જેટલા બ્રાહ્મણો છે તેમનામાંથી જેમણે વેદવ્રતનું પાલન કર્યું છે, તેઓ તો પૂજ્ય છે જ, જેમણે વેદોક્ત વ્રતનું પાલન નથી કર્યું, તે પણ પૂજનીય છે. બ્રાહ્મણ જાતિથી જ પ્રવિત્ર છે, વેદાભ્યાસથી તેમની પવિત્રતા વિશેષ વધી જાય છે. તેથી હવ્ય અને કવ્ય (યજ્ઞ અને શ્રાધ્ધ) માં ક્યાંય પણ બ્રાહ્મણ નિંદાને યોગ્ય નથી. કાણા, કુબડા, કોઢી, રોગી અને દરિદ્રિ બ્રાહ્મણોનું પણ વિદ્વાન પુરુષ અપમાન ન કરે, કેમકે તેઓ મારું જ સ્વરૂપ છે. ઘણા અજ્ઞાની લોકો આ વાતને જાણતા નથી જે મારું જ સ્વરૂપ એવા બ્રાહ્મણોને મારે છે. તેમની પાસે શાસ્ત્ર વિપરીત કાર્ય કરાવે છે, જ્યાં તેમને ન મોકલવા જોઈએ ત્યાં તેમને મોકલે છે તથા તેમની પાસે સેવાદાસના કરાવે છે. તેઓ મૃત્યુ પછી ભયંકર યાતનાઓવાળા નરકમાં જાય છે. જે બ્રાહ્મણોનો અંગભંગ કરે છે, તેમને મારી નાખે છે, તેને બ્રહ્મહત્યારો જાણવો જોઈએ. તેમના ઉધ્ધાર માટે કોઈ પ્રાયશ્ચિત નથી. તે પચાસ કરોડ નરકમાંથી દરેકમાં ક્રમશઃ હજારો વર્ષ યાતનાઓ સહે છે તેથી મનુષ્યે બ્રાહ્મણોને સદા નમસ્કાર કરવા જોઈએ. અન્ન વગેરે આપીને સદૈવ તેમની સેવામાં સંલગ્ન રહેવું. બધા બ્રાહ્મણો દરેક પ્રકારનું દાન લેવાના અધિકારી છે. બીજું કોઈ દાન લેવામાં સમર્થ નથી. જો લોભવશ કોઈ દાન ગ્રહણ કરે છે, તો તે અધમ ગતિને પ્રાપ્ત થાય છે. તપસ્યાથી પવિત્ર થયેલા બ્રાહ્મણ પાપરહિત થાય છે તેથી દાન લઈને તે કષ્ટમાં પડતો નથી અને ન તેને કોઈ પાપ લાગે છે. જે હૃદયમાં સદા પવિત્ર ભાવ રાખીને નિત્ય – નિરંતર ધ્યાનમાં લીન રહે છે તે બ્રાહ્મણને દોષનો સંપર્ક થતો નથી. બ્રાહ્મણ જન્મથી જ મહાન છે લોક અને લોકેશ્વર પણ બ્રાહ્મણોના પૂજક છે. બ્રાહ્મણ જો ક્રોધિત થાય તો અપરાધીને નષ્ટ કરી શકે છે. બ્રાહ્મણ જ સ્વર્ગમાં પહોંચાડનાર સનાતન દેવદેવ છે. બ્રાહ્મણ પૂજનીય છે. વંદનીય છે. તેમનામાં બધું પ્રતિષ્ઠિત છે.

– સંકલન

**વસ્તી પત્રકના ફોર્મ ૧૫ એપ્રિલ ૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાળા)**
**પુરસ્કૃત**

# એમ.એચ.ધારીઆ બીપીએલ ટી -૨૦

આપ સૌને જણાવવાનું કે
એમ.એચ.ધારીઆ બીપીએલ. ટી-૨૦ની ફાઈનલ
**તા. ૧૮-૩-૨૦૧૮ના રોજ રવિવારે સાંજે ૫.૦૦ કલાકે**
**સેન્ટ્રલ રેલવે ગ્રાઉન્ડ (પરેલ)** ખાતે યોજવામાં આવશે.

સંસ્થા દ્વારા આયોજીત ક્રિકેટના **૫૦ વર્ષ પૂર્ણ** થવાના અવસરે
**સાંજે ૮.૦૦ કલાકે સોવીનીયરનું વિમોચન થશે.**
સૌને હાજર રહેવા વિનંતી.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ઈતિહાસમાં સૌ પ્રથમવાર
બાલાસિનોર ખાતે ડે **એન્ડ નાઈટ મેચ** રમાડવામાં આવશે.
આ મેચ **તા. ૨૨ થી ૨૭ ફેબ્રુઆરી**ના રોજ
જનસાથી ગ્રાઉન્ડ પર **સાંજે ૪.૦૦** કલાકે યોજવામાં આવશે.

આ ટુર્નામેન્ટના **સ્પોન્સરર M/S. એન.એમ.ધારીઆ એન્ડ કંપની** તથા
**કો.સ્પોન્સરર શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ**
**હસ્તે : શ્રી જીગર મણીકાન્ત કડકીઆ**

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજક : સંજીવ ધારીઆ**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૧ | ૧૧ | ૨૧-૦૨-૨૦૧૮ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# ઓળખ આપણી સંસ્કૃતિની... આપણે નમસ્તે શા માટે કરીએ છીએ ?

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

ભારતવાસીઓ નમસ્તે કરીને એક બીજાનું અભિવાદન કરે છે. નમસ્તે બોલતી વખતે બે હાથ જોડીને મસ્તક નમાવાય છે. આપણાથી નાના, સમવયસ્કી, આપણાથી ઉંમરમાં મોટા, મિત્રો અને અપરિચિતો - સૌને નમસ્તે કરીને આવકારાય છે.

શાસ્ત્રોમાં પરંપરાગત અભિવાદનના પાંચ પ્રકાર બતાવેલા છે તેમાં એક નમસ્કાર છે. સામાન્ય રીતે તેને દંડવત પ્રણામ ગણાય છે પણ ખરેખર આપણે એકબીજાને નમસ્તે કરીને આવકારીએ છીએ તેનો જ તેમાં ઉલ્લેખ થાય છે.

**આપણે નમસ્તે શા માટે કરીએ છીએ ?**

નમસ્તે વિધિસરનો આવકાર છે. એક સાંસ્કૃતિક પ્રણાલિકા છે અને એક પ્રકારની પૂજા વિધિ પણ છે. તેમાં દેખીતી જે ક્રિયા થાય છે તેથી ઘણો વધારે અર્થ રહેલો છે. સંસ્કૃતમાં નમઃ + તે = નમસ્તે, આનો અર્થ હું તમને વંદન કરું છું. હું તમારું સ્વાગત કરું છું.

નમઃ નો બીજો શાબ્દિક અર્થ ન અહં- 'હું નહિં' એવો પણ થાય છે. તેમાં બીજાની ઉપસ્થિતિમાં પોતાના અહંને નકારવાનો કે ઓગાળવાનો આધ્યાત્મિક અર્થ પણ રહેલો છે.

બે વ્યક્તિ વચ્ચેનું મિલન ખરેખર તો તેમના હૃદયનું મિલન છે. જોડાયેલા હાથની માફક આપણા મન પણ થયે તેવી ભાવના હું વ્યક્ત કરું છું. તે અર્થ છે. મસ્તક નમાવવું એ પ્રેમ અને નમ્રતાનો ઉમદાભાવ દેખાડે છે.

આધ્યાત્મિક અર્થ વધુ ગૂઢ છે. દિવ્યશક્તિ, આત્મા કે પરમાત્મા સૌમાં સમાનપણે રહેલા છે. આવા અદ્વૈત ભાવમાં રહીને હાથ જોડવા અને વ્યક્તિમાં રહેલા


સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

પરમાત્માને પ્રણામ કરીને મળવું એવો અર્થ છે. તેથી જ આપણે ઈશ્વરને કે સંતોને પ્રણામ કરીને નમતી વખતે આંખો બંધ કરીને જાણે આપણી અંદર દ્રષ્ટિ કરીએ છીએ! એવો ભાવ દેખાડતા વખતે ઘણીવાર ‘રામ-રામ’, જય શ્રીકૃષ્ણ, નમો નારાયણ, જય સિતારામ, ઓમ શાંતિ જેવો મંત્રોચ્ચાર પણ કરીએ છીએ. જેમ આપણામાં જે જે શ્રી ગોકુલેશ. આમાં વ્યક્તિમાં રહેલા પરમ તત્વને નમવાની જ વાત છે.

આ સંદર્ભને જો સમજીએ તો બીજા પ્રત્યેનું આપણું અભિવાદન કેવળ બાહ્ય દેખાવ પૂરતું કે શબ્દો પૂરતું મર્યાદિત ન રહેતાં અન્ય સાથે આદર અને પ્રેમ ભર્યા વાતાવરણમાં એક ઊંડો સંવાદ રચી શકે છે.

✤✤✤✤✤

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફલોર, મુંબઈ - ૩, મો.- ૯૮૨૧૧૧૦૭૪૭ / ૯૮૩૩૮૬૭૬૦૧. Email : aydharia@gmail.com ને મોકવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી        સંયોજક - અલ્પેશ ધારીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી

**સમાજના સર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને સર્વ પ્રકારની પરિક્ષા માટે સંસ્થા તરફથી Best of Luck**

# પિતાના ચહેરા પરનું સ્મિત એજ જીવનની જીત છે !

- શૈલેષ દેસાઈ

જે ઘરમાં વૃદ્ધ મા-બાપનો પોકાર અને વળતો સંતાનોનો પડઘો પ્રેમથી ગૂંજે છે, ત્યાં જ ગંગાસ્થાન ને ચારધામ છે. તમે તમારા ફાધરની સામે મેદાનમાં ઉતરેલા અને એ બિચારા શું લઈને આવેલા ? તમારા માટેની લાગણી, તમારા માટેની ચિંતા બસ .... ઈંટ, તમારા માટે તમારા ફાધર ઘરમાં પડેલા સોફા સેટ જેવા હતા. જ્યારે એમના માટે તમે મારું લોહી મારું સંતાન....

તેમને તેમના ઘરમાં રહેવાની સગવડ - જગ્યા આપી કે પછી બે ટાઈમ જમવાનું કે પછી બે જોડી લુગડા ને એમને બે ટાઈમની દવા મળે છે. ઘરમાં આપણે જેમ એક ખૂણો પૂજાઘર કે ઓફિસમાં કન્વર્ટ કરી નાખતા હોઈએ છીએ અથવા ઘરમાંનો એક ખૂણો વૃદ્ધાશ્રમમાં કન્વર્ટ કરી નાખતા હોય છે. સાથે રહેવું અને સાથ આપવો બે માં બહુ મોટો ફરક હોય છે.

આપણે બધા શનિ-રવિમાં આઉટીંગ માટે નીકળી પડીએ છીએ પણ ફાધરને ક્યારેય સાથે લઈ ગયા છે ? તેમની સાથે બેસી અમસ્તી સુખ દુઃખની વાત કરી છે ? ક્યારેય એમની સાથે કામકાજ વગર બેસીને સમસ્યા સુખ દુઃખની વાતો કરી છે ? ક્યારેય કામકાજ પછી પાછા આવીને પુછ્યું કે તમે આખો દિવસ કેમ પસાર કર્યો ? અમને કહો ?

તમે તમારા ફાધરનો હાથ ક્યારે સ્પર્શ કરેલો. તેમના માથે, ક્યારે હાથ મુકી દબાવ્યું છે.

'બાગવાન' ફિલ્મમાં અમિતાભના સંવાદો કલેજાની આસપાસ નીકળી જતા હોય છે. જી, હા પરેશ રાવલના મહોબ્બતની સાબિતી આપતું તેમનું ગુજરાતી રંગભૂમીમાં 'ડીયર ફાધર' કંઈક કુટુંબોને પાઠ ભણાવે છે. બાળક જેમ તેડવા માટે રડતો હોય તેમ વૃદ્ધ પિતા હુંફ માટે અંતરથી કંઈ માંગણી કરતા હોય છે. આપણે ત્યાં માતાઓની કહાનીયા અને ઉપમાઓ વધુ છે તે પણ પિતાના પાત્રો અને ચરિત્રોની બોલબાલા બહુ જ ઓછી હોય છે.

કુદરત માતાને જ નહીં પણ પિતાને પણ બાળકની સ્નેહભરી સંભાળ માટે થોડો પ્રયાસ તો કરે છે જ. જેના ઘરમાં પપ્પાઓ બાળકોને દિવસમાં કલાકથી વધુ તેડીને પ્રયાસ કરે છે. એમનામાં હોર્મોનલ રીતે ફીલ ગુડ ઈફેક્ટ આવે છે. પપ્પાઓ હૂંફ આપે છે. માનસિક મજબૂતાઈ સાથે છે અને બાળકો પર જરૂરી નિયંત્રણ કરે છે. મા ની જેમ નવજાત શિશુને તેડતી વખથે બાપાના દિલમાં ધિબકારા કે ત્વચાનું તાપમાન ને શ્વાસોશ્વાસ તેજ થતા હોય છે અને ભુલકાંઓને પણ જ્યારે મા તેડે છે ત્યારે શાંતિની અપેક્ષાઓ ધીમા રેસ્પીરેશન અને કાર્ટરેટ તરફ જાય છે.

પિતા તરફનું વાત્સલ્ય ઢળતું રાખવું જોઈએ. બીજાને આ મારા ફાધર છે તેવુ કહેતા ગર્વ, ભાવભરી લાગણી હૃદયમાં હોવી જોઈએ જેમને મોટા કર્યા પૈસાની કદાચ તકલીફ ભોગવીને પણ ભણાવ્યાને કોલેજ સુધી પહોંચાડ્યા ડીગ્રી ધારણ કરાવી. માંદગી સાદગીમાં પૈસા તેમજ ઉજાગરા કરી ને મોટા કર્યા. માબાપે અગણિત ફરજો બજાવી તેની સામે એ આપણી હુંફ ને લાગણી જ જોઈએ છે. રવિવારે એકાદ કલાક કમસેકમ તેમને માટે ફાળવવો જોઈએ. તમે રાત્રે ઘરે પહોંચીયે ત્યારે તેમને પૈસા નથી જોઈતા પણ આપણી વહાલભરી આંખો માં આંખો નાખી સંતુષ્ટતા પામે છે. મોટી ઉંમર પછી આપણે તેમની લાકડી બનવાનું છે.

✤✤✤✤✤



શ્રીમતી અંજુબેન જગદીશ ધારીઆ ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગ દ્વારા તા.૧૯મી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ **'આયુષ રિસોર્ટ'**માં એક દિવસીય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૭.૩૦ વાગે ૪ એ.સી. બસોએ આયુષ રીસોર્ટ તરફ પ્રયાણ કર્યું હતું. ૧૮૦ સભ્ય બહેનોએ આ આયોજનોનો લાભ લીધો હતો. બહેનોએ બસમાં વિવિધ ગેમ્સ અને એન્ટરટેઈનમેન્ટ કરતાં ૯.૧૫ એ રિસોર્ટમાં પહોંચી બ્રેકફાસ્ટ કર્યો હતો. ત્યારબાદ સૌએ પેલેસ ટૂર કરી. જ્યાં ''પ્રેમ રતન ધન પાયો'' જેવી અનેક ફિલ્મોના શૂટીંગ થયાં છે. બહેનોએ પોતાના મોબાઈલ દ્વારા પેલેસમાં ફોટોગ્રાફ્સ લીધા હતા. ત્યાર બાદ સૌએ સ્વિમિંગ પૂલમાં ગેમ્સ રમી, મ્યુઝિક પર ડાન્સ કરી આનંદ લીધો હતો.

ત્યાર બાદ ભોજનને ન્યાય આપી વોલેન્ટીયર બહેનોના સહકારથી ૧૫ બહેનોના ૧૦ ગ્રુપને હાઉસી તથા નાની મોટી સૌ બહેનો સહભાગી થઈ શકે એવી જ્ઞાન સાથે ગમ્મતની જનરલ નોલેજની રમત રમાડવામાં આવી હતી. તેમાં બહેનોને ખૂબજ આનંદ આવ્યો હતો. બે વિજેતા ગ્રુપને પ્રાઈઝ આપવામાં આવ્યા હતા.

અંતે ચા કોફી તથા પાઉંભાજી ખાઈ લગભગ ૭ વાગે બસોએ મુંબઈ તરફ આવવા પ્રયાણ કર્યું હતું. મહિલા વિભાગ પિકનિકમાં આવનાર સર્વ બહેનોનો આભાર માને છે.

**મંત્રી : ભાવેશ મોદી**

**સંયોજક : અલ્પા કડકીઆ**


શ્રીમતી હસુમતીબેન મંગળદાસ મોદી ના જે જે શ્રી ગોકુલેશ

# બ્રહ્મ, જીવ ને જગત

**- શ્રીમતી લત્તા શૈલેષ શાહ**

શ્રી વલ્લભે જીવને આ ત્રણેયનું સાચુ સ્વરૂપ બતાવ્યું છે. વેદમાં જેને ઈશ્વર કહે છે તે બ્રહ્મના નામથી ઓળખાય છે. તે બ્રહ્મને સાક્ષાત ઈશ્વર ભગવાન અથવા પરમાત્મા કહે છે. આ બ્રહ્મ સત્, ચિત્ત ને આનંદથી ભરેલું છે. તેથી તેને પરમાનંદ કહેવામાં આવે છે. આ આનંદ અગણિત છે. તેથી તે અર્થમાં નિરાકાર છે. પરંતુ તેમનું આખુ સ્વરૂપ આનંદમય છે. તે અર્થમાં પરમાત્મા સાકાર ને અલૌકિક આનંદમય છે. અને બ્રહ્મ સાકાર હોવાને કારણે પ્રાકૃત ગુણો તેમાં રહેલા છે. સાત્વીક, રાજસ ને તામસ તેમાં ષડ ધર્મો છે. તેથી તે નિર્ગુણ અથવા નિધર્મક કહેવાય છે. તે પોતે અનેક અવતારોથી પ્રગટ થયેલા છે. તેથી તે સત્ય કહેવાય છે. બ્રહ્મની ઈચ્છાથી જ જગત બન્યુ છે. તે તેમનું ક્રીડાધામ છે. તેને અક્ષરબ્રહ્મ કહેવામાં આવે છે. બ્રહ્મ આધિદૈવિક સ્વરૂપ છે. અક્ષરબ્રહ્મ આધ્યાત્મિક સ્વરૂપ છે ને જગત આધિભૌતિક સ્વરૂપ છે. બ્રહ્મ થોડા અંશે સર્વ જડને ચેતન પદાર્થોમાં રહેલ છે. તે વિવિધ નામરૂપના ભેદથી રહેલ છે. એટલે બ્રહ્મ સત્ય છે. તેને કારણે આ જગત પણ સત્ય છે. આ જગતમાં જીવ એ બ્રહ્મથી છુટો પડયો છે. પરંતુ દરેક જીવે પોતાની જાતને આટલા પ્રશ્નો કરવા જોઈએ (૧) હું કોણ છું (૨) ક્યાંથી આવ્યો છું (૩) ક્યાં જવાનું છે (૪) શું કરવાનું છે (૫) શા માટે તે કાર્ય કરવાનું છે. દરેક કાર્યની પાછળ કારણ રહેલુ છે. બીજુ જીવ જ્યારે બ્રહ્મથી છુટો પડે છે ત્યારે બ્રહ્મના દિવ્ય ધર્મોથી છુટો પડે છે. તે પોતાના દિવ્ય ધર્મોથી રહીત થઈ જાય છે. તે પોતાના અસલ સ્વરૂપને ભૂલી જઈને અહંતાને મમતામાં પડી જાય છે ને તેનામાં આનંદનું તિરોધન થઈ જાય છે. દા.ત. ગોપીગીતમાં ગોપીઓ ઠાકોરજીને શોધવા માટે રૂદન કરે છે પણ ઠાકોરજી તેમના હૃદયમાં જ બીરાજેલા છે. તે સમજી શકતા નથી. તેવી જ રીતે દરેક જીવ ઓછા વત્તે અંશે તેને મેળવવાનો પ્રયત્ન ચાલુ રાખે છે. સત્સંગ, સેવા કાં તો તેના ગુણગાન કરે છે. આ સંસારમાં પોતાનું શું કર્તવ્ય છે તે ભૂલી જાય છે. એ જે કર્મ કરે છે તેનું ફળ ભોગવવું પડે છે. તેને અવિદ્યા કહેવાય છે અને નિષ્કામભાવે કરે તો વિદ્યા કહેવામાં આવે છે. તેની સાચી સમજણ આપણા સૌના લાડીલા શ્રી વલ્લભ જ દેખાડે છે. તે માર્ગને આપણા મનના ભાવથી ને સાદથી સમજવાની કોશિશ કરવી જોઈએ અથવા તો હાલના આપણા ગુરુ પાસે જ્ઞાન મેળવવું જોઈએ એ જ આપણી દીવાદાંડી છે. તેને ભજવાથી તેમજ સમજવાથી અનેરો આનંદ પ્રાપ્ત થાય છે. આપણું જીવન અમૃતમય ને આનંદમય બને છે. આનું નામ જ પુષ્ટીમાર્ગ છે. પુષ્ટીમાર્ગ એટલે કૃપા. તેની કૃપાથી જ જીવ સેવા કરે છે. વેદ, ગીતા અને બ્રહ્મસૂત્ર એ ત્રણેય ને બધા આર્ચાય માને છે. પરંતુ શ્રી વલ્લભે ભાગવતને ચોથુ પ્રમાણ તરીકે માનેલુ છે. ને વ્યાસજીએ રચેલુ છું કે જે ઠાકોરજી સત્તરમો અવતાર છે. શ્રીમદ્ ભાગવત એ વેદનું કલ્પવૃક્ષ છે. એ સર્વે પુરાણો (શાસ્ત્રો) માં ઉત્તમ છે. તેથી તેનું રસપાન કરવું ઘણું જરૂરી છે. ગૌ-એટલે ઉપનિષદ, વેદ, વાણી ને ઈન્દ્રીય થાય છે. જ્યારે ગિરીરાજમાં ઠાકોરજી પ્રગટયા ત્યારે તેમનું પહેલું સ્વાગત ગાયે કરેલું છે. પોતાનું દૂધ તેમને અર્પણ કરીને જીવોને જણાવ્યું કે અહી હું પ્રગટ થયો છું એટલે કે આ જગત છે તે સત્ય છે તેનું પ્રતિપાદન કર્યું છે. તેમાં રહેલો જીવ જે આધિભૌતિક છે તે પોતાની ઈન્દ્રીયોને તેમાં જોડીને તેમનું સાનિધ્ય પ્રાપ્ત કરે છે.

❖❖❖❖❖

# ફાગોત્સવ

## શ્રી ગીરધર લાલકી બાનીક ઉપર આજ સખી ત્રણ તુટેરી
## ચૌવ, ચંદન અબીર કુમકુમા પિચકારીના રંગ છૂટેરી !!

**દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં લખ્યું છે કે દેવો માં દેવડું ઋતુઓમાં વસંત હું ! ફેબ્રુઆરી મહિનાની શરૂઆત થાય ને ઘરમાં ચર્ચા ચાલુ થઈ જાય કે આ વર્ષે કોનો ફગવો છે દર વર્ષે મુંબઈ ખાતે કાંદિવલી ખાતે અને બાલાસિનોર મુકામે ફગવા ઉત્સવનું ખૂબ ઉત્સાહ અને ઉમંગથી આયોજન થાય છે. ને દરેક ફગવામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવાનો હું પ્રયત્ન પણ કરૂં છું. ખાસ કરીને બાલાસિનોર ખાતે ભાગ લેવા માં વતન પ્રત્યેનું આકર્ષણ પણ ખરૂજ. આ વર્ષે મારા પુત્ર એ મને પ્રશ્ન કર્યો કે પપ્પા આ ફગવો એટલે શું ? શું જવા આપું ? આમ તો ઘણા વર્ષોથી મારા મનમાં પણ આ પ્રશ્ન ઉપસ્થિત હતો જ ઠાકરોજીની કૃપાથી. વડોદરાના પરમ પૂજ્ય ગુરૂશ્રી દ્વારકેશલાલજી મહારાજના હોળી, ફાગોત્સવ ના વચનામૃત નો અવસર પ્રાપ્ત થયો. જે અહીં લખવાનો એક પ્રામાણિક પ્રયાસ કરૂ છું.

હોળી, ઉત્સવ, ડોલોત્સવ, ફાગોત્સવ અને ધુળેટીના મંગલ પર્વ પર સમગ્ર સૃષ્ટિ ઋતુરાજ વસંતની સુંદર ઘડીઓને વધાવી રહી છે ત્યારે ભલો મનુષ્ય કઈ રીતે પોતાના પરમપ્રેમની પરમાત્મા સાથે હોલી ખેલના ઉત્સવમાં વંચિત રહી શકે ?

પુષ્ટિ માર્ગ એ ઉત્સવપ્રિય ભોગ રાગ અને શ્રૃંગારપ્રિય માર્ગ છે. પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી હરિને વિવિધ સ્વરૂપે ઋતુકાલીન ઉત્સવાધીન અને નંદાલયમાં થતી પ્રત્યેક ઘટનાઓના આધારે લાડ લડાવવામાં આવે છે. વસંત પંચમીથી ડોલોત્સવ સુધીના ચાલીસ દિવસ ઠાકોરજીને ખેલ ખેલવામાં આવે છે. આ ચાલીસ દિવસ શા માટે ? દસ-દસ વિભાગમાંથી શ્રી સ્વામીનીજી રાધાજી, શ્રી ચંદ્રાવલીજી, શ્રી લલિતાજી, શ્રી વિશાખાજી અને શ્રી યમુનાજી, શ્રી સ્વામીનીજી નેતૃત્વ કરે છે અને ચારેય ચંદ્રાવલીજી, લલિતાજી, વિશાખાજી અને શ્રી યમુનાજીના દસ-દસ દિવસના ઉપક્રમે સ્વીકારવામાં આવ્યા છે. ચર્તુભુજ સ્વામીનીજી ઠાકોરજીને ખેલાવે છે. શ્રી સ્વામીનીજી પિત્તવણી છે, યમુનાજી શ્યામવર્ણી છે. ચંદ્રાવલીજી ગુલાલવર્ણી છે અને શ્રી વિશાખાજી શ્વેતવર્ણી છે. આ ચારેય રંગોના ભાવથી ચંદન, ચૌવા, ગુલાલ અને અબીલથી ઠાકોરજીને ખેલાવવામાં આવે છે. આ ચારેય રંગ મનુષ્યના સ્વભાવના પ્રકૃતિના પ્રતિકાત્મકરૂપે મૂળભૂત રીતે મન, બુદ્ધિ, ચિત્ત અને આપણા સ્વભાવથી પ્રભુને ખેલાવીને પ્રભુના રંગે રંગાઈએ. રંગવાનો ભાવ ચાલીસ દિવસનો હોળી ખેલ થાય એના પછી તો મુખ્ય પર્વ એટલે ફાગોત્સવ

આમતો રોજ સૌ વ્રજવાસીઓ નંદભવનમાં આવી. ઠાકોરજી સાથે હોરી ખેલે શ્રી નંદરાયજી પ્રભુને ચંદન, ચૌવા, અબીર, ગુલાલથી ખેલ ખેલાવે. ત્યારબાદ શ્રી યશોદાજી ઠાકોરજીને ખોળામાં લઈ નંદભવનના આંગણમાં આવે અને સૌ વ્રજવાસીઓ દર્શન કરી. ઠાકોરજી સાથે હોરી ખેલે. પણ આ પર્વ નિમિત્તે ઠાકોરજી નંદરાયજી સાથે ગામમાં જઈ ચૌહારે જઈ પ્રભુ પોતે હોરી ખેલે જેમાં નિકુંજનો હિંડોરો ભરાય, ફાગોત્સવ સાથે મુખ્ય ચાર બાબતો સંકળાયેલી છે. રંગ, કેશુડો, વસ્ત્ર, નૃત્યગાન દ્વારા ઠાકોરજીને ખેલવવામાં આવે છે. પ્રભુ વિવિધ રંગથી ખેલે અને આપણે પણ પ્રભુ સાથે હોરી ખેલ નો આનંદ લઈ શકીએ. આમ આપણે ત્યાં પણ એ પરંપરા છે કે ફગવાના દિવસે પ્રભુને મંદિરેથી પાલખીમાં નાચગાન સાથે ગામની બહાર ફગવા સ્થળે લઈ જઈ પ્રભુ સાથે હોળી ખેલનો વૈષ્ણવો આનંદ લે છે. સંત કબીર ભક્તિના રંગ પર ખૂબ સુંદર લખે છે.

**''મોહે ઐસી રંગ દે કે રંગ નાહી છુટે**
**ધોળિયા ધોયે ચાહે સારી ઉમરીયા !**
**શ્યામ પ્રિયા મોરી રંગ દે ચુનરીયા !''**

આપના ભક્તિનો રંગ આપના પ્રેમનો રંગ આપની શરણાગતિનો રંગ અને અમે તમારા ભક્ત છીએ એના સ્વાભિમાનનો રંગ ક્યારેય ના છૂટે. જે બધાજ રંગો નો આધાર છે. એની ભક્તિનો રંગ જો આપણને ચઢી જાય તો મારોને તમારો ફેરો ટળી જાય.


ઠાકોરજી સાથે ફાગોત્સવ હોળી ખેલતા ખેલતા આપણું મન પણ પ્રભુ ભક્તિમાં એ રીતે આવૃત્ત થઈ જાય એવી રીતે રંગીન બને કે પછી જીવનનો કોઈ રંગના ચઢે.

આપ સૌને આવનાર ફાગોત્સવ અને હોળી પર્વ માટે ખૂબ ખૂબ રંગભરી શુભેચ્છાઓ.

જય જયશ્રી ગોકુલેશ

❖❖❖❖❖

# મો હે રં ગ દે



**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી)**
**પુરસ્કૃત**

## વસ્તી પત્રક ૧૧મી આવૃત્તી

આ સાથે નોંધ લેવી કે વસ્તી પત્રકના ફોર્મ સ્વીકારવાની આખર **તારીખ ૧૫.૪.૨૦૧૮** રાખવામાં આવી છે.

જે લોકો એ હજી સુધી ફોર્મ ન ભર્યા હોય તે મહેરબાની કરીને ફોર્મ ભરી દે.

આ તારીખ પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - શ્રી ભાવેશ મોદી**

**સંયોજક/સહમંત્રી - શ્રી અલ્પેશ ધારીઆ**

# SHREE BALASIN

**ELEVENTH EDITION**

SPONSORER : SMT. MAN

| LIFE MEMBERSHIP NO. | | Kindly Tick If | Out Of |
|---|---|---|---|

| VASTI PATRAK NO. | KHIJ | COUNTRY |
|---|---|---|
| | | |

**FAMILY**

| Title Mr. Mrs. Etc | SURNAME | FIRST NAME | MIDDLE NAME | MOBILE NO |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**ADD**

| | RESIDENCE ADDRESS | | | |
|---|---|---|---|---|
| NAME | | | | |
| Bldg. | | | | |
| Street | | | | |
| Floor | | | | |
| | | | | |
| | | | | |
| City | | | | |
| Pin Code | | | | |
| Tel No. | | | | |
| Email | | | | |
| Website | | | | |

ADDRESS FOR CORRESPONDANCE( SPECIFY RESIDENCE/OFFICE)

FILL SEPARATE FORM FOR OUT CASTE MARR

FORMS DULY FILLED UP SHOULD BE SENT ON OR BEFORE 31st January 201

NOTE :-
- ➡ Form must be filled in capital letters with good handwriting.
- ➡ Married son has to fill up a separate form.
- ➡ You can email duly filled form by email on bnsangh@gmail.com. Forms ca

| Shri Alpesh Yogendra Dharia (Suratwala) | Shri Bhavesh Bipin Modi (Thasarawala) | Shri Saumil |
|---|---|---|
| 9833867601 | 8879422304 | 9920213 |
| CONVENER / JT. SECRETARY | SECRETARY | PRESID |

# OR NAVYUVAK SANGH

**- VASTIK PATRAK - 2018**

JULABEN NAVNITLAL PARIKH (BAKHALI)

| India ☐ | Out of Station ☐ | Out Caste ☐ |
|---|---|---|

| | CITY | Father's Name If Out Caste |
|---|---|---|
| | | |

DETAILS

| | BIRTH DATE | EDUCATION | OCCUPATION | Blood Group* | EMAIL ID |
|---|---|---|---|---|---|
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |

RESS

* Tick if one can donate blood

| OFFICE 1 | OFFICE ADDRESS | OFFICE 2 |
|---|---|---|
| | | |

IED DAUGHTER'S WITH FATHER NAME & KHIJ

8

be download from www.balasinor.org.

Jitendra Mody
26
ENT

SIGNATURE

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ / બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

મંડળ દ્વારા રજુ કરાયેલા વિવિધ નવી શૈક્ષણિક યોજનાઓને સમાજના દરિયાદિલ દાતાઓ તરફથી નક્કર પ્રતિસાદ સાંપડ્યો છે.

**મંડળની ૩ યોજનાઓને દાતાઓનો સહૃદયથી સહકાર મળ્યો છે.**

**૧. શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા)**
Education Scheme for Coaching Classes (Std. X-XII) Rs.11,00,000/-

**૨. શ્રીમતી સેમિલાબેન શરદકુમાર નટવરલાલ દેસાઈ**
**હસ્તે સમીત અને નિયોમી દેસાઈ – શિવાની અને આનંદ ભગત**
Primary Education Scheme (K.G. & Std. I to IV) Rs.7,50,000/-

**૩. શ્રીમતી તારાબેન શાંતિલાલ કડકીઆ**
Education Scheme for Cost & Financial Analyst (C.F.A.) Course Rs.5,00,000/-

મંડળ સન્માનીય દાતાઓ અને તેમના પરિવારજનો પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

**માનદ્ મંત્રીઓ : શ્રી જસ્મીન બિપિનભાઈ શેઠ**
**શ્રી ધર્મેશ જયંતીલાલ શાહ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી શ્રધ્ધાંજલી

# તૃતિય પુણ્યતિથી

**અશ્રુભીની નયને ભાવાંજલિ**

નિત્ય અમારા મનમાં... નિરંતર અમારા હૃદયમાં...
'આજે અમારા સૌના હૈયે અને હોઠે એકજ પ્રાર્થના
જીવો અમારા હૃદયમાં, જીવો અમારા ચેતનમાં, તમે જીવો સદૈવ-સર્વદા'

**અવનિમાં અવતરણ :**
જન્મ : ૨૪-૬-૧૯૪૩
જેઠ વદ સાતમ,
બાલાસિનોર, પાયગાવાડી શેરી,
સમય : ૫.૨૮ સવારે



**વૈકુંઠ ગમન : અનંતની સફરે :**
તા.૨૮-૨-૨૦૧૫,
ફાગણ સુદ દસમ,
બાલાસિનોર, કડિયાની ઢાળ.
સમયઃ ૬.૩૦ સવારે

## સ્વ. શકુંતલા કિરીટકુમાર કડકિયા (લટકારી)

ઘરની દરેક વસ્તુમાં તારી સુગંધ છે, દિલની દરેક ધડકનમાં તારી યાદ છે.
મારાથી માનવામાં નથી આવતું કે, તું મારી સાથે હવે નથી...

- કિરીટકુમાર કડકીઆ.

**હીરાલાલ છગનલાલ કડકીઆ (લટકારી) પરિવાર**

**રમણલાલ સાકરલાલ શાહ (કકુંજી) પરિવાર**

માં તું અમારાથી દૂર ખરી પણ અમારી વચ્ચે જ છે
હજી આજે પણ આ ક્ષણે પણ
મારા હૃદયમાં તારું ગાયેલું એક હાલરડું જાગે છે.
હજુ પણ મારા માથે તારા આશીર્વાદનું
આજે પણ ઘટ્ટ આકાશ એમને એમ છે.

**અભિષેક કિરીટકુમાર કડકીઆ**
**હેતલ અભિષેક કડકીઆ**

**જીજ્ઞા કલ્પેશકુમાર પરીખ**
**સપના નીરજકુમાર શાહ**

**રિદ્ધિ, રિધમ, હિતાંશ**


શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા) ના જે જે શ્રી ગોકુલેશ

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**(૧) ઈકો કેમ્પ :-** તા.૦૭-૦૧-૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૫૮ દર્દીઓનો ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**(૨) છારી કાઢવાનો કેમ્પ :** તા.૦૯-૦૧-૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૦ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**(૩) શ્વાસના રોગોનો પી.એફ.ટી.ટેસ્ટ :** તા.૦૮-૦૧-૧૮ના રોજ યોજવામાં આવેલ. ૨૩ દર્દીઓના વિનામુલ્યે પી.એફ.ટી.ટેસ્ટ કરવામાં આવેલ.

**(૪) શાળા આરોગ્ય તપાસણી કેમ્પ :** તા.૦૬-૦૧-૧૮ના રોજ વેરાસા મુકામે એક નિદાન કેમ્પ યોજવામાં આવેલ. વેરાસા પ્રાથમિક શાળાના ૧૯૯ વિદ્યાર્થીઓનું નિદાન કરવામાં આવેલ અને જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને પાંચ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**હોસ્પિટલમાં માહે ડીસેમ્બર - ૧૭ના માસ દરમ્યાન નીચેના વિવિધ વિભાગોના લાભ લીધેલ દર્દીઓ :-**

૧. શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) ગાયનેક વિભાગ:- ૧૪૧૪
૨. શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) સર્જીકલ વિભાગ :-૪૫૧
૩. મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ સોનોગ્રાફી વિભાગ:- ૨૯૩
૪. રમણભાઈ જેઠાલાલ કચેરીઆ સ્કીન વિભાગ :- ૧૮૦
૫. લીલાબેન અને ડૉ. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ ફીજીશીયન વિભાગ :- ૨૬૨૫
૬. શાંતાબેન અને કાંતિલાલ લાલચંદ દોશી ઈ.એની.ટી. વિભાગ:- ૧૩૨

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન:-**

૧. જશવંતભાઈ કોદરભાઈ પરીખ :- રૂા.૧૦૦૦૦૦/-
૨. બાલાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળ :- રૂા.૧૦૦૦૦૦/-
૩. રતનબા નર્સિંગ સ્કુલ :- રૂા.૨૫૦૦૦/-
૪. નવનીતલાલ એસ. પરીખ :- રૂા.૨૦૦૦૦/-

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી

### શ્રદ્ધાંજલી

બાલાસિનોર ખાતે ૨૫-૧-૨૦૧૮ના રોજ અલ્લાહ ને પ્યારા થનાર તોતેર વર્ષીય (૭૩) સલાબન ખાન બાબી, (નવાબ) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી રમાતી ક્રિકેટ મેચ - ટ્રોફી જનશાથી ટુર્નામેન્ટ, લાલખા મેચોમાં શરૂઆતથી સહભાગી રહ્યા છે. તેઓએ અને બાબી ટીમે ક્રિકેટમાં આપેલ સહયોગ કદિ ભુલાય તેમ નથી. આપણે એક ક્રિકેટ પ્રેમી અને સ્વજન મિત્ર ગુમાવ્યો છે. ખુદા તેમના આત્માને શાંતી બક્ષે. **મંત્રી - શ્રી ભાવેશ મોદી**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તેની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે. સુવર્ણ જયંતિની આ ઉજવણી નિમિત્તે, શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (કુવાવાળા)ના મુખ્ય મહેમાન પદે અને શ્રી રાજેન્દ્રભાઈ કિર્તીલાલ દેસાઈ (લાટવાળા)ના પ્રમુખપદે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત કાર્યક્રમ દરમ્યાન એક સ્મરણિકાનું વિમોચન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**તારીખ : રવિવાર, તા. ૧૮મી માર્ચ ૨૦૧૮**
**સ્થળ: વાય.બી. ચવ્હાણ ઓડીટોરીયમ**
**સમય : સવારના ૯.૩૦ કલાકે**

મ્યુઝીક્લ આર્કેસ્ટ્રા સમારોહમાં રંગત જમાવશે.

કાર્યક્રમની સમાપ્તિ બાદ, ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે.

ભોજન માટેના પાસ રૂા.૨૫૦/- ભરીને તા.૨૬-૦૨-૨૦૧૮ થી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફીસ, બાબુગેનુ રોડ, કાલબાદેવીથી લેવાના રહેશે.

**મંત્રીશ્રી : રાજુલ પરીખ : ૯૮૨૧૧૪૪૪૩૫**
**નિતીન પરીખ (બબલી): ૯૮૨૧૦૩૯૦૮૭**
**સંયોજક : શ્રી વ્રજેશભાઈ દેસાઈ : ૯૮૨૦૦૩૯૩૦૪**

## તેજસ્વી તારલા

- **સન્ની દિપકભાઈ શેઠ** (બોરડીવાલા) સી.એ. ૨૦૧૭ ફાઈનલમાં ઉત્તીર્ણ થયા છે.
- **તન્વી સૌમિલ ધારીયા** (લાલખા) તે ભાવના પંકજ ગાંધી (પાકા)ની સુપુત્રી તથા રશ્મિકા દિલિપ ધારીયાની પુત્રવધુ પુષ્ટિભક્તિ સંગીતમાં પ્રથમ શ્રેણીમાં કિર્તન વિશારદ થયા છે.
- **આદિત્ય મિતેષ ધારીઆ** MBBS માં ૬૭% સાથે ઉત્તીણ થયા છે.
- **શ્રેયા સુનીલ મોદી** (ઠાસરવાળા) ૭૩.૬૨% સાથે Physio Therapy માં ઉત્તીણ થયા છે.
- **એશા જીગર કડકીઆ** ૭૩.૬% સાથે Physio Therapy માં ઉત્તીણ થયા છે.

સંસ્થા તરફથી સહુને અભિનંદન.

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

**કીરીટભાઈ કાંતીલાલ પરીખ**
શ્રી ગણેશ એન્કલેવઝ કો.ઓ. હા. સોસાયટી,
બ્લોક નં.૮૦૪/૮ માળે, લીબર્ટી ગાર્ડન રોડ નં.૩,
મહેતા ઈન્ડસ્ટ્રી એસ્ટેટ પાસે, મલાડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૪. **મો.નં.: ૯૮૩૩૫૭૨૬૯૪**

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ સદ્ગુણબેન નવનીતલાલ સાકરલાલ દેસાઈ | ૮૫ |
| ✤ મૃદુલાબેન રજનીકાન્ત ચીમનલાલ ધારીયા | ૭૮ |
| ✤ સુશીલાબેન રજનીકાન્ત શાન્તીલાલ દોશી | ૮૦ |
| ✤ દિનકરલાલ મણીલાલ કચેરીયા . | ૮૯ |
| ✤ ભરત મણીકાન્ત કડકીયા (ધંગેલા) | ૬૨ |
| ✤ પુષ્પાબેન શંકરલાલ કડકીયા | ૮૬ |
| ✤ લતા મહેન્દ્ર ધારીયા (ઓલ્લા) | ૭૮ |
| ✤ સુધાકર મોહનલાલ કડકીયા (વલ્લભઘેલા) | ૭૫ |
| ✤ શોભના દિલીપભાઈ મોદી (શહેરાવાળા) | ૭૫ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**